AHD-13 CYT

514/73/91

2018

NOTARY B. R. JOSHI AHMEDABAD CITY & DIST. GUJARAT STATE Reg.No.3354/2006 Expiry Dt. 02-03-2021 GOVERNMENT OF INDIA

નં.એસીબી / ટીએનસી–૪ / બી.ખે. / પ્રિમિયમ / એસ.આર. ૪૧ / ૨૦૧૬

જિલ્લા કલેકટર કચેરી (ગણોત શાખા)
સુભાષબ્રીજ પાસે, અમદાવાદ
તા.૦૭/૦૩/૨૦૧૮

<u>વંચાણમાં લીધું:–</u>

(૧) અરજદારશ્રી નવઘણજી મફતજી વિગેરે રહે. ગોતા, ઘાટલોડીયા, જિ.અમદાવાદની ગ.ધા.ક.૪૩ અન્વયે બિનખેતી રહેણાંકના હેતુ સારું શરતફેર કરવાની તા.૦૬/૦૬/૨૦૧૭ નિયત ની અરજી.

(૨) મામલતદારશ્રી ઘાટલોડીયાના પત્ર નં. જમીન / પ્રિમિયમ / પૂર્તતા એસ.આર.૭૭ / ૨૦૧૬ તા.૦૨/૦૫/૨૦૧૭ ની દરખાસ્ત.

(૩) સીટી ડેપ્યુટી કલેકટર (પશ્ચિમ) પ્રાંતના પત્ર નં. સીડીસી(પ) / જમીન / પ્ર.સ.પ્ર. / પ્રિમિયમ / ગોતા / એસ.આર.૦૮ / ૧૬ / વશી.૬૫૮ / ૨૦૧૭, તા.૨૩/૦૬/૨૦૧૭

(૪) મામલતદાર અને કૃષિપંચશ્રી ઘાટલોડીયાના પત્ર નં. સીટી / ઘાટલોડીયા / કૃષિપંચ / અભિપ્રાય / એસ.આર.૧૮ / ૨૦૧૭ તા.૦૬/૦૩/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૫) લીગલ શાખાના પત્ર નં. એલબી / અપીલ / ગોતા–૨૧૩/૨ / વ.૫૬ / ૨૦૧૬ તા.૩૦/૦૧/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૬) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શ.જ.ટો.મ. અમદાવાદના પત્ર નં. યુ.એલ.સી. / ગોતા / પ્રિમિયમ / એસ.આર.૧૦ / ૨૦૧૭ તા.૦૬/૦૬/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૭) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી અમદાવાદ ના પત્ર નં. એલએકયુ / એન.એ. / અભિપ્રાય / એસ.આર.૭૦ / ૨૦૧૭ તા.૨૦/૦૨/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૮) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી અમદાવાદ ના પત્ર નં. એલએકયુ / બિ.ખે. અભિપ્રાય / એસ.આર. ૨૮૬ / ૨૦૧૭ તા.૨૫/૦૧/૨૦૧૭ ગોતા થી આપેલ અભિપ્રાય.

(૯) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતના અધિનિયમ – ૧૯૪૮ ની કલમ–૪૩ ની જોગવાઈઓ તથા મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો – ૧૯૫૬ ના નિયમ – ૨૫(સી) ની જોગવાઈઓ.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૪/૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃનશજ/ ૧૦૨૦૦૬ / ૫૭૧/ જ–પાર્ટ–૨ તથા તા.૩/૫/૨૦૧૧ના ઠરાવથી જોગવાઈઓ તથા તા.૦૫/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃગણત/ ૧૧૦૮/ ૪૭૪/ ઝ.

(૧૧) અત્રેની કચેરીના પત્ર નં.એસીબી / ટીએનસી–૪ / બી.ખે. / પ્રિમિયમ / એસ.આર. ૪૧ / ૨૦૧૬, તા.૨૯/૦૧/૨૦૧૮

(૧૨) મામલતદારશ્રી ઘાટલોડીયાના પત્ર નં. જમીન / પ્રિમિયમ રીપોર્ટ / વશી.૫૧૨ / ૨૦૧૮ તા.૨૬/૦૨/૨૦૧૮ થી નિયત પ્રિમિયમની રકમ સરકારશ્રીમાં જમા થયા અંગેનો રીપોર્ટ.

આમુખ–(૧) માં જણાવેલ અરજીથી અરજદારશ્રી નવઘણજી મફતજી વિગેરે એ મોજે ગોતા તા. ઘાટલોડીયા સ.નં. ૨૧૩/૨, ટી.પી.૩૩, એફ.પી.૩૬/૧ ક્ષેત્રફળ ૨૭૩૨ ચો.મી. પ્ર.સ.પ્ર.ની જમીનની બિનખેતીના રહેણાંક હેતુ સારું શરતફેરની પરવાનગી મળવા માંગણી કરેલ છે. આમુખ – (૨) થી મામલતદારશ્રીએ અને આમુખ – (૩) થી નાયબ કલેકટરશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે. જે મુજબ આ જમીન હાલના કબજેદાર વારસાઈ હકકથી ધારણ કરે છે. આ જમીન સ્થળે ખુલ્લી–પડતર છે. આ જમીનમાં બિનખેતીનું કૃત્ય કરાયેલ નથી તથા કોઈ શરતભંગ થયેલ નથી. તેમજ આ જમીનનું ટાઈટલ કલીયર હોવાનું જણાવેલ છે.

આમુખ – (૪) થી મામલતદાર અને કૃષિપંચશ્રી એ આ જમીન શરતફેર કરવા સારું ગણોતધારા અંતર્ગત વાંધાસરખું નથી તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

AHD-13 CYT
514 / 74 / 91
2018

NOTARY
B. R. JOSHI
AHMEDABAD CITY & DIST.
GUJARAT STATE
Reg.No.3354/2006
Expiry Dt.
02-03-2021
GOVERNMENT OF INDIA

નં.એસીબી / ટીએનસી–૪ / બી.ખે. / પ્રિમિયમ / એસ.આર. ૪૧ / ૨૦૧૬

આમુખ – (૫) થી લીગલ શાખાએ આ જમીન બાબતે કોઈ અપીલ / રીવીઝન અરજી પેન્ડીંગ નથી તેમ જણાવેલ છે.

આમુખ – (૬) થી સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી શ.જ.ટો.મ. અમદાવાદનાએ આપેલ અભિપ્રાય મુજબ રાજયમાંથી તા.૩૦/૩/૧૯૯૯ ના રોજથી શહેરી જમીન ટોચ મર્યાદા ધારો – ૧૯૭૬ રદ કરી રીપીલ એકટ – ૧૯૯૯ની જોગવાઈઓ લાગુ કરવામાં આવેલ છે અને કાયદો રદ થતાં તૈયાર કરવામાં આવેલ કબજો લીધેલ ફાજલ જમીનોની યાદીમાં પ્રશ્નવાળી જમીનનો સમાવેશ થતો ન હોઈ, પ્રિમિયમ નકકી કરવામાં આવે તો યુ.એલ.સી. કાયદા અંતર્ગત વાંધા સરખું નથી તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમુખ – (૭) તથા આમુખ – (૮) થી સંપાદન અધિકારીશ્રીઓએ જણાવ્યા મુજબ આ જમીન અંગે હાલમાં સંપાદન અંગેની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી કે આ જમીન હાલમાં સંપાદન હેઠળ નથી તેવો અભિપ્રાય આપેલ છે.

ઉપરોકત વિગતોએ અરજદારશ્રીની માંગણી મુજબ એપેન્ડીક્ષ – એ માં દર્શાવેલ જમીનનું બિનખેતી રહેણાંક હેતુ માટે શરતફેર કરવા હકારાત્મક અભિપ્રાયો રજુ થયેલ હોવાથી આમુખ – (૯) માં દર્શાવેલ ગણોતધારાની જોગવાઈઓ તથા આમુખ – (૧૦) માં દર્શાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ / ૧૦૨૦૦૬ / ૫૭૧ / ઝ, (પાર્ટ–૨), તા.૦૪/૦૭/૨૦૦૮ તથા તા.૦૩/૦૫/૨૦૧૧ ની જોગવાઈ અનુસાર જંત્રી આધારીત, જંત્રીની કિંમત ધ્યાને લઈ પ્રિમિયમની રકમ વસુલ કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જે પ્રિમિયમની રકમ નિયત સમય – મર્યાદામાં સરકારશ્રીમાં જમા કરાવવા અંગે આમુખ – (૧૧) માં દર્શાવેલ પત્રથી અરજદારશ્રીને જણાવેલ છે. એપેન્ડીક્ષ – બી માં દર્શાવ્યા મુજબ પ્રિમિયમની રકમ સરકારશ્રીમાં જમા થવા અંગે આમુખ – (૧૨) માં દર્શાવેલ પત્રથી સમર્થન આપેલ છે.

એપેન્ડીક્ષ – એ (જમીનની વિગત)

ગામ/ તાલુકો	સર્વે નં. / બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	હેતુ
ગોતા તા.ઘાટલોડીયા	૨૧૩/૨	૩૩	૩૬/૧	૨૭૩૨ ચો.મી.	બીનખેતી રહેણાંક ના હેતુ માટે

એપેન્ડીક્ષ – બી (પ્રિમિયમની વિગત)

જંત્રી મુજબની કિંમત રૂા.૭૦૦૦/– પ્રતિ ચો.મી.ના લેખે ક્ષેત્રફળ ૨૭૩૨ ચો.મી.ની કુલ મુલ્યાંકન કિંમત રૂા.૧,૯૧,૨૪,૦૦૦/– ના ૪૦% લેખે થતી રકમ રૂા.૭૬,૪૯,૬૦૦/– વસુલ આવેલ પ્રિમિયમની રકમ રૂા.૭૬,૪૯,૬૦૦/– ચલન નં.૨૯ તા.૦૫/૦૨/૨૦૧૮, પહોંચ નં. ૫૦, તા.૧૯/૦૨/૨૦૧૮

એપેન્ડીક્ષ – એ માં દર્શાવેલ જમીન સ્થળે ખુલ્લી–પડતર છે તથા અત્રેથી જણાવ્યા મુજબ પ્રિમિયમની રકમ અરજદારે એપેન્ડીક્ષ – બી માં દર્શાવ્યા મુજબ સરકારશ્રીમાં જમા કરાવેલ છે તથા તે રકમ જમા થયા બદલ સંબંધિત તિજોરી અધિકારીશ્રી દ્વારા ખરાઈ થયેલ છે. જેથી એપેન્ડીક્ષ – એ માં

AHD-13 CYT
514/75/91
2018

NOTARY B. R. JOSHI AHMEDABAD CITY & DIST. GUJARAT STATE Reg.No.3354/2006 Expiry Dt. 02-03-2021 GOVERNMENT OF INDIA

નં.એસીબી / ટીએનસી–૪ / બી.ખે. / પ્રિમિયમ / એસ.આર. ૪૧ / ૨૦૧૬

દર્શાવેલ વિગતે અરજદારને બિનખેતી રહેણાંકના હેતુ માટે પ્રતિબંધિત સત્તા પ્રકારના નિયંત્રણમાંથી મુક્તિ આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતોઃ–

(૧) આ જમીનનો જે હેતુ માટે પ્રિમિયમ વસુલ લેવામાં આવેલ છે તે હેતુ સારું ઉપયોગ કરવાનો રહેશે. તેમજ નિર્દિષ્ટ હેતુ સિવાય અન્ય બિનખેતીનો ઉપયોગ અત્રેની પુર્વ મંજુરી સિવાય કરી શકશે નહી.

(૨) બિનખેતીના ઉપયોગ કરતાં પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ – ૬૫ હેઠળ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવવા છ માસમાં અરજી કરી દેવાની રહેશે તથા બિનખેતીનો દર, લોકલ ફંડ, વિગેરે પ્રચલિત દરો ભરવાના રહેશે. પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનની નિયંત્રણ મુકિતના કિસ્સામાં મહેસુલ વિભાગના પરિપત્ર નં.ગણત/ ૩૨૨૦૦૭ / ૫૭૭ / ઝ, તા.૧૭/૦૨/૨૦૧૨ની સુચનાઓ મુજબ ગણોત વહીવટ અને ખેતીની જમીનોના નિયમો – ૧૯૬૫ના નિયમ – ૨૫(ગ)ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) આ મંજુરી ફકત પ્રતિબંધિત સત્તાપ્રકારના નિયંત્રણ પુરતી જ આપવામાં આવે છે. એટલે કે, આ અંગે અન્ય કાયદાઓ/ નિયમો/ હુકમ મુજબ બીજી જે કોઈ મંજુરીઓ નિયમોનુસાર લેવાની થતી હોય તો તે અલગથી લેવાની રહેશે.

(૪) પ્રશ્નવાળી જમીન પ્રતિબંધિત સત્તા પ્રકારના નિયંત્રણોમાંથી મુકત થઈ અરજદાર / કબજેદાર આ જમીનના હેતુ સારું બિનખેતીનો ઉપયોગ માટે જુની શરતે કરશે. ઔડાની નગર રચના યોજનાની કામચલાઉ દરખાસ્ત અંતિમ થયેથી ક્ષેત્રફળમાં ફેરફાર થાય તો તે પ્રમાણે બંધનકર્તા રહેશે. તેમજ જો ક્ષેત્રફળ વધુ મળશે તો તે મુજબ વધારાના ક્ષેત્રફળ માટે પ્રિમિયમની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૫) આ મંજુરી બાદ પ્રશ્નવાળી જમીન તબદીલીથી ધારણ કરનારને ગણોતધારાની જોગવાઈ હેઠળ ખેડુત તરીકેનું સ્ટેટસ પ્રાપ્ત થશે નહી.

(૬) પ્રશ્નવાળી જમીન પૈકી બિનખેતીમાં ફેરવતા ખેતીના હેતુ માટે જો જમીન બાકી રહેતી હોય તો, આવી જમીન અંગે ગામ નમુના નંબર ૭ /૧૨ માં તલાટીએ પ્રતિબંધિત સત્તાપ્રકારની અચુક નોંધ કરવાની રહેશે. સબંધિત મહેસુલી અધિકારીશ્રીએ આવી નોંધ ચાલુ રહે છે તે સુનિશ્ચત કરવાનું રહેશે.

(૭) સવાલવાળી જમીનના ટાઈટલ અંગે અરજદારશ્રીની જવાબદારી રહેશે.

(૮) આ પરવાનગી સબંધે અરજદાર તથા તેઓના સકસેસર ઈનટાઈટલરને ઉકત શરતો મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન કાયદા અને નિયમોની જોગવાઈઓ તથા હવે પછી બનાવવામાં આવે તે કાયદા તે નિયમોનુસાર વર્તવા બંધાયેલ છે.

(૯) ઉપરોકત કોઈ પણ શરતોનો ભંગ થયેથી તેમજ ગણોતધારા અન્વયેની આ પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓનો ભંગ થયેથી આ જમીન અંગે ગણોતધારા અન્વયે શરતભંગની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૦) આ હુકમમાં કોઈ કારકુની / ગાણીતીક ભુલ કે જંત્રીની રકમ સબંધે વિસંગતતા જણાઈ આવશે તો તે સુધારાને પાત્ર રહેશે તથા તે જમીનના ધારણકર્તા ને બંધનકર્તા રહેશે.

AHD-13 CYT

514/76/91

2018

NOTARY B. R. JOSHI AHMEDABAD CITY & DIST GUJARAT STATE Reg.No.3884/2006 Expiry Dt. 02-03-2021 GOVERNMENT OF INDIA

નં.એસીબી/ ટીએનસી–૪ /બી.એ./પ્રિમિયમ / એસ.આર. ૪૧/ ૨૦૧૬

ઉપરોકત અ.નં.૧ થી ૧૦ માં જણાવેલ શરતોનો ઉલ્લેખ ગા.ન.નં.૬ ની નોંધમાં કરવાનો રહેશે.

ગામ/ તાલુકો	સર્વે નં. /બ્લોક નં.	ટી.પી.નં.	ફા.પ્લોટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	હેતુ
ગોતા ઘાટલોડીયા	૨૧૩/૨	૩૩	૩૬/૧	૨૭૩૨ ચો.મી.	બીનખેતી રહેણાંક ના હેતુ માટે

હુકમની રેકર્ડમાં નોંધ કરવી.

રવાના કરવા માટે પ્રમાણિત

નાયબ કલેકટર
જમીન સુધારા અને અપીલ
અમદાવાદ

સહી/–
(અવંતિકા સિંઘ)
જિલ્લા કલેકટર અમદાવાદ

પ્રતિ,
શ્રી નવઘણજી મફતજી વિગેરે
રહે. ગોતા, ઘાટલોડીયા, જિ.અમદાવાદ

નકલ રવાના :–

(૧) મામલતદાર અને કૃષિપંચશ્રી, ઘાટલોડીયા તરફ જાણ તથા શરતોની અમલવારી થાય તે જોવા સારુ.
(૨) મામલતદારશ્રી, ઘાટલોડીયા તરફ જાણ તથા હુકમની શરતોની ગામ દફતરે નોંધ કરવા સારુ.
(૩) કચેરીના એન.એ. દફતરે.
(૪) ના.મામ., ઈ–ધરા, મામલતદાર કચેરી, ઘાટલોડીયા તરફ જાણ તથા હુકમની ગામ દફતરે શરત સાથેની નોંધ કરી નોંધની નકલ મોકલી આપવા સારુ.
(૫) સિલેકટ ફાઈલે.

નં. સીબી / ત.બિ.ખે. / ગોતા / સ.નં. / બ્લોક નં. / ૨૧૩ / ૨ / એસ.આર.૫૩૫ / ૨૦૧૮ (૧૬૩૩)

જિલ્લા કલેક્ટર કચેરી (ચીટનીશ શાખા)
સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ.
તા.૧૭/૦૭/૨૦૧૮

<u>વંચાણમાં લીધું :–</u>

(૧) અરજદારશ્રી **કનુભાઇ બબલદાસ પટેલ વિગેરે, રહે. ૨૦૩, ઇલાઇટ બીઝનેશ હબ, સોલા, જિ.અમદાવાદ** ની જ.મ.કાયદાની કલમ–૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની **તા. ૨૬/૦૪/૨૦૧૮** ની અરજી.

(૨) કલેક્ટરશ્રી, અમદાવાદનો **હુકમ નં. એસીબી /ટીએનસી-૪/પ્રિમિયમ / એસ.આર. ૪૧/૨૦૧૬ તા. ૦૭/૦૩/૨૦૧૮ નો પ્રતિબંધિત સત્તાપ્રકારના નિયંત્રણો દુર કરતો હુકમ.**

(૩) અરજદારે **તા.૧૨/૦૪/૨૦૧૮** ના રોજ તત્કાલ બીનખેતી અંગેનું સોગદનામું તથા બાંહેધરીપત્ર.

(૪) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો **તા.૨૦/૦૨/૨૦૧૭ નો** પત્ર નં.એલ.એકયુ./ એન.એ./ અભિપ્રાય **/૭૦/૨૦૧૭** નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો **તા. ૨૫/૦૧/૨૦૧૭** નો પત્ર નં. એલ.એકયુ. / એન.એ/ અભિપ્રાય / **એસ.આર .૨૮૬/૨૦૧૭ નો** સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) અત્રેની કચેરીના લીગલ શાખાનો **તા. ૦૯/૦૫/૨૦૧૮ નો** શેરા નં. એલબી/અપીલ/ ગોતા / **સર્વે નં./ ૨૧૩/ ૨ /૨૦૧૮** અપીલ / રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૬૫,૬૬,૬૭ થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ–૧૦૦ / ૧૦૧ મુજબ.

(૮) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ / ૧૦૦૬ / ૪૨૫ / ક, તા.૦૧/૦૭/૦૮ તથા તા. ૦૮/૦૪/૧૧.

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ / ૧૦૨૦૦૧૩ /૭૧/ ક, તા.૧૧/૦૩/૧૩.

<u>હુકમ :–</u>

અરજદારશ્રી **કનુભાઇ બબલદાસ પટેલ વિગેરે,** તેઓના ખાતાની મોજે. **ગોતા,** તા. **ઘાટલોડીયા** જિ. અમદાવાદના **બ્લોક નં. ૨૧૩/૨, ટી.પી.૩૩, એફ.પી. ૩૬/૧ નું ક્ષેત્રફળ ૨૭૩૨ ચો.મી** જમીનની બીનખેતી **વાણિજય ના** હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ–-૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું તત્કાલ એન.એ.સોંગદનામું તથા જે બાંધકામ કરવા માંગે છે તેના સુચિત પ્લાનની નકલ વિગેરે રજુ કરેલ છે.

આમુખ (૨) ના **તા. ૦૭/૦૩/૨૦૧૮** ના હુકમથી પ્રતિબંધિત સત્તાપ્રકારના નિયંત્રણોમાંથી બિનખેતી બીનખેતી **રહેણાંક ના** હેતુ માટે પ્રિમિયમ વસુલવા હુકમ કરેલ છે.

આમુખ–(૩) થી અરજદારે **તા.૧૨/૦૪/૨૦૧૮ના** રોજ તત્કાલ બીનખેતી અંગેનું સોગદનામું તથા બાંહેધરીપત્ર રજુ કરેલ છે.

આમુખ–(૪) અને (૫) થી સંપાદન અધિકારીશ્રીઓએ આ જમીનની બીનખેતીની પરવાનગી આપવા અંગે સદર જમીન હાલમાં સંપાદન અંગેની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી કે સંપાદન હેઠળ નથી તેમ જણાવેલ છે.

આમુખ–(૬) થી અત્રેની લીગલ શાખામાં આ જમીન બાબતે હાલમાં કોઈ અપીલ / રીવીઝન અરજી પેન્ડીગ નથી તેમ જણાવેલ છે.

ઉકત વિગતોએ અરજદારશ્રીની માંગણી મુજબ એપેન્ડીક્ષ–એ ની જમીન બીનખેતીની પરવાનગી આપવા હરકત સરખું ન હોવાનું જણાયેલ છે. જેથી આ જમીનના રૂપાંતર કર, વિશેષધારો તથા અન્ય વેરાની

થતી રકમ, સરકારશ્રીમાં જમા કરાવવા અત્રેથી અરજદારશ્રીને જણાવતાં તેઓશ્રીએ આ રકમ ભારતીય સ્ટેટ બેંક, ભદ્ર શાખા, અમદાવાદ ખાતે બીનખેતી ધારાની રકમ ગામે તલાટીશ્રી પાસે જમા કરાવી પહોંચો રજુ કરેલ છે જેની વિગત એપેન્ડીક્ષ—બીમાં જણાવેલ છે.

એપેન્ડીક્ષ—એ (જમીનની વિગત)

ઠરાવેલ વિશેષ ધારો
Rs. 1639/-

મોજે	: ગોતા	તાલુકો : ઘાટલોડીયા	
બ્લોક નં.	: ૨૧૩/૨	ક્ષેત્રફળ : ૨૭૩૨ ચો.મી.	
ટી.પી.	: ૩૩	એફ.પી.: ૩૬/૧	
સબ પ્લોટ નં.	:	બીનખેતી હેતુ :- વાણિજ્ય : ૨૭૩૨ ચો.મી.	
		કુલ ક્ષેત્રફળ : ૨૭૩૨ ચો.મી.	

એપેન્ડીક્ષ—બી (વસુલ આવેલ કરવેરાની વિગત)

(૧) રૂપાંતર કરની રકમ	: Rs. 81,960/-	ચલણ નંબર :- 270/18	તા. 07/07/2018
(૨) વિશેષ ધારો	: Rs. 1639/-	પહોંચ નંબર :- 110	તા. 10/07/2018
(૩) લોકલ ફંડ	: Rs. 820/-	પહોંચ નંબર :- 24	તા. 10/07/2018
(૪) શિક્ષણ ઉપકર	: Rs. 410/-	પહોંચ નંબર :- 139	તા. 10/07/2018

એપેન્ડીક્ષ—એ માં જણાવ્યા મુજબ રૂપાંતર કર તથા અન્ય વેરાઓની રકમ કબજેદાર એપેન્ડીક્ષ—બી માં જણાવેલ વિગતે જમા કરાવી, અત્રે ચલન, પહોંચો રજુ કરેલ છે. જેથી કબજેદારની માંગણી મુજકની હકીકતે, સદર જમીન અંગે અરજદારની બીનખેતીના હેતુ માટે ઉપયોગ કરવા એપેન્ડીક્ષ—(એ) માં દર્શાવેલ તેઓની માલિકીની જમીન આમુખ—(૮) અને (૯) માં જણાવેલ મુંબઈ જમીન મહેસુલ સંહિતા અને મહેસુલ નિયમોની જોગવાઈઓ / ઠરાવોને આધિન રહીને નીચેની વધારાની શરતોને આધિન બીનખેતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) અરજદારે પ્રતિ વર્ષ ખેતી વિશેષનો ધારો (બીનખેતી દર) **વાણિજ્ય હેતુ માટે ચો.મી. ના ૦.૬૦ પૈસા પ્રમાણે ૧૬૩૯/-** નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ શેષ ભરવો પડશે જે અંગેનો દર વખતો—વખત ફેરફારને પાત્ર રહેશે.

(૨) અરજદારે બીનખેતીના પ્લોટની માપણી પોતાના ખર્ચે માસ—ત્રણ માં કરાવવી પડશે. માપણી થયેથી આ એન.એ. પ્લોટનું ક્ષેત્રફળ ફેરફારને પાત્ર રહેશે અને ત્યારબાદ સનદ આપવાની રહેશે તથા ડી.આઈ.એલ.આર.શ્રી એ માપણી મુજબ રેકર્ડ દુરસ્તીની નોંધ કરી સક્ષમ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૩) બાંધકામ શરૂ કરતાં પહેલાં અમદાવાદ મ્યુનિ.કોર્પો. / ઔડા / સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી પાસેથી બાંધકામ અંગેના વિગતવાર પ્લાન મંજુર કરાવી બાંધકામની રજાચિઠ્ઠી મેળવવાની રહેશે. અને તે પ્રમાણે બાંધકામ કર્યા પછી થયેલ બાંધકામ અંગે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન /

ઔડા/ સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી પાસેથી " બિલ્ડીગ વપરાશ પ્રમાણપત્ર" મેળવ્યા પછી જ ઉપયોગ કરી શકાશે.

(૪) આ બીનખેતી હુકમથી આ જમીનમાં એફ.એસ.આઈ. અંગેની કોઈ પરવાનગી આપવામાં આવતી નથી. એફ.એસ.આઈ. અંગે અરજદારે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન /ઔડા/ સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી ખાતેથી જરૂરી પરવાનગી મેળવવાની રહેશે.

(૫) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજુર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીગ નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૬) બાંધકામ બિલ્ડીગ રેગ્યુલેશન અને રીબન ડેવલપમેન્ટ રૂલ્સથી ઠરાવેલ ધોરણોને પાત્ર રહી કરવાનું રહેશે. આ જમીનની બાજુમાં જો કોઈ રોડ–રસ્તો થતો હશે તો જે તે રસ્તાના પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યેથી બાંધકામ વચ્ચે નિયમોનુસાર અંતર જાળવવાનું રહેશે. અન્યથા અરજદારની જવાબદારી થશે. આ જમીનની બાજુમાં પસાર થતાં ટી.પી. / ડી.પી.રોડથી નિયત અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૭) આ જમીનનો ઉપયોગ પરવાનગી આપેલ બીનખેતીના હેતુના કામે જ કરવાનો રહેશે. અન્ય ઉપયોગ કરી શકાશે નહી.

(૮) અરજદારે હુકમની તારીખથી છ માસમાં બાંધકામ શરૂ કરી ત્રણ વર્ષમાં સંપૂર્ણ બાંધકામ પૂરું કરવું પડશે. આ અંગે અરજદારે ખેતી સિવાયનો ઉપયોગ શરૂ કર્યેથી એક માસમાં કલેકટરશ્રી તથા મામલતદારશ્રીને તલાટી મારફત લેખિત ખબર આપવી તથા બાંધકામ પૂર્ણ થયે માસ એકમાં કલેકટરશ્રીને જાણ કરવાની રહેશે.

(૯) બીનખેતી માટે પરવાનગી આપેલ જમીનમાં કલેટકરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય પરવાનગી આપેલ હેતુ સિવાયનું તથા મંજુર કરેલ બાંધકામ વિસ્તાર સિવાયની જમીન ઉપર કોઈપણ બાંધકામ કરવાનું રહેશે નહી. પ્લાન મંજુર કરાવી તેમાં દર્શાવેલ બાંધકામ વિસ્તાર સિવાયની માર્જીન, કોમન પ્લોટ, પાર્કિગ, રસ્તાની જગ્યા આકાશ તરફ ખુલ્લી રાખવાની રહેશે અને તેમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવાનું રહેશે નહી.

(૧૦) આ જમીનમાંથી પસાર થતી ૬૬ કે.વી. તથા ૧૧ કે.વી. વીજલાઈનથી બાંધકામનું સમક્ષિતિજ અંતર ઓછામાં ઓછું અનુક્રમે ૯ મીટર તથા ૩ મીટર જાળવવાનું રહેશે.

(૧૧) આ જમીનમાંથી ઉપરથી પસાર થતી વીજલાઈનની નીચે કોઈપણ પ્રકારનું બાંધકામ જેમ કે દુકાન, કોટ કે બાઉન્ડ્રી કરી શકાશે નહી. તેમજ એન્ટેનાનો કેબલ કે ટીવીનો વાયર (કેબલ) પસાર કરી શકાશે નહી.

(૧૨) આ જમીનમાંથી પસાર થતી વીજલાઈનના સમારકામ માટે વિદ્યુત કંપનીના અધિકૃત મણસો, વાહનો કોઈપણ સમયે પસાર થઈ શકશે. અને તેમ કરતાં ભવિષ્યમાં પણ કોઈ રોકટોક કરવામાં આવશે નહી.

(૧૩) સવાલવાળી જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન કે ટેલિફોન લાઈન પસાર થતી હશે તો, આવી લાઈન કે તેના થાંભલા ભવિષ્યમાં નાંખવાના થશે તો તે અંગે કોઈ વળતર મેળવવા હક્ક દાવો થઈ શકશે નહી.

(૧૪) આ જમીનમાંથી ઉપરથી પસાર થતી વીજલાઈનથી બાંધકામ નિયમ મુજબનું, પરંતુ અંતર રાખીને કરેલ હોય તો આ બાંધકામ તોડવાનો પાત્ર ગણાશે અને તોડી નાખવાનું રહેશે.

(૧૫) બાંધકામમાં ઝડપી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો વાપરી શકાશે નહી.

(૧૬) આ જમીનમાં આવવા–જવાના રસ્તા અંગે કે વરસાદના પાણીનો નિકાલ બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેના નિકાલની વ્યવસ્થા કરવાની જવાબદારી અરજદાર–ખાતેદારની રહેશે.ચોમાસાનું પાણી ભરાઈ ન રહે તેવું પુરાણ કરી રોડ લેવલ કરતાં પ્લીથ ઉંચી લેવાની રહેશે.

(૧૭) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન એટલે કે સંચય માટે દર મકાન / બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં પરકોલેટીગ બોરની વ્યવસ્થા અચુક કરવાની રહેશે. તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૮) પ્લોટમાં બાંધકામ સિવાયનો ખુલ્લો ભાગ આકાશ તરફ ખુલ્લો રાખવાનો રહેશે. આ જમીનની નજીકમાં પસાર થતા રોડ / રસ્તા અંગે, રસ્તાની બાજુએ કંપાઉન્ડ વોલની ઉંચાઈ ૧.૦૫ મી. વધારે કરી શકાશે નહી.

(૧૯) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દષ્ટ્રિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૨૦) આ જમીનમાં કે નજીકમાં આવેલ કોઈ જમીનમાં ઓ.એન.જી.સી.ના તેલકુવા તેમજ તેલ / ગેસ પાઈપલાઈન આવેલ હોવાના કિસ્સામાં તેવા કુવા / પાઈપલાઈનની નિયમોનુસાર જાળવવાપાત્ર અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૨૧) નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૨) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૩) આ પરવાનગી સ્થાનિક સત્તા મંડળ દ્વારા મંજુર કરવામાં આવતાં નકશા તેમજ વિકાસ પરવાનગીની શરતોના અમલીકરણને આધિન રહેશે. વધુમાં વિકાસ પરવાનગી અન્વયે કરવામાં આવતો વિકાસ અને તેનો વપરાશ વિકાસ યોજનાના નિયંત્રણ / વિનીમયો તેમજ ઔડા / મ્યુનિ.કોર્પોરેશન / સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી અને રાજય સરકાર દ્વારા આપવામાં આવતાં વખતો વખતના આદેશ / નિર્દેશનોને આધિન રહેશે. જમીનના માલિક / કબજેદારોએ પરવાનગી હેઠળની જમીનનો વિકાસ સંબંધિત સત્તા મંડળની વિકાસ પરવાનગીને આધિન રહીને જ કરવાનો રહેશે.

(૨૪) આ પરવાનગીથી ગણોત ધારા, શીલીંગ ધારા, શહેરી જમીન ટોચ મર્યાદા ધારા તેમજ અન્ય કાયદાઓની જોગવાઈઓને બાધ રહેશે નહી. એટલે કે અન્ય કાયદા નિયમોની જોગવાઈઓ અન્વયે જો કોઈ કાર્યવાહી કરવાની થતી હશે તો તે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરી શકાશે.

(૨૫) ઔદ્યોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૬) ફ્લોર મીલ, સિનેમા / ટુરીંગ સિનેમા / થિયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૭) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાખવા માટે બીનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૮) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૯) સવાલવળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૩૦) બીનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી. ના ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું ના વાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૩૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૩૨) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન / જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૩) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્યજીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે અભ્યારણ અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૪) આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુની અથવા ગણતરીની ભુલ હશે તો તેમા સુધારો થઈ શકશે.

(૩૫) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઈપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે તથા જમીન મહેસુલ કાયદા–૬૫ ના ભંગ બદલ કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે. અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબ્જેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલાં લેવાને પાત્ર બનશે. તથા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૬ તથા નિયમોના નિયમ–૧૦૦ અનુસાર યોગ્ય તે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહિતના એક કે વધુ પગલાં લેવામાં આવશે.

(૩૬) જો.ટી.પી. ફાઈનલ થઈ કોઈ કપાત કરવાની થશે તો તેને આધિન પ્લાન મંજુર કરનાર અધિકારીશ્રીએ મંજુરી આપવાની રહેશે.

સહી
(ડૉ. વિક્રાંત પાંડે)
જિલ્લા કલેક્ટર અમદાવાદ

રવાના કરવા માટે પ્રમાણિત

જીલ્લા કલેક્ટર અમદાવાદ વતી

પ્રતિ,
શ્રી કનુભાઇ બબલદાસ પટેલ વિગેરે,
રહે. ૨૦૩, ઈલાઈટ બીઝનેશ હબ,
સોલા, જિ.અમદાવાદ

નકલ રવાનાઃ–

(૧) મામલતદારશ્રી **ઘાટલોડીયા**તરફ.
૨/– આગળની જરૂરી કાર્યવાહી તથા સનદ ભરાવવા અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારું.

(૨) તલાટીશ્રી **ગોતા** તરફ આગળની કાર્યવાહી તથા ગા.ન.નં.૨માં જરૂરી નોંધ કરવા સારું.

(૩) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, મોજણી ભવન, ભીમજીપુરા, નવા વાડજ, અમદાવાદ તરફ સારું.

(૪) મ્યુનિ. કમિશનરશ્રી (એસ્ટેટ) દાણાપીઠ, અમદાવાદ / મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા, ઉસ્માનપુરા અમદાવાદ/ પ્રવર નગર નિયોજક, સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર તરફ જાણ સારું.

(૫) અત્રેની શાખાના એડીએમ દફતર તરફ.
૨/- રેકર્ડમાં જરૂરી નોંધ પાડવા સારૂ.

(૬) ઈ-ધારા કેન્દ્ર તરફ.

(૭) સિલેક ફાઈલ.

AHMEDABAD MUNICIPAL CORPORATION

FIRE & EMERGENCY SERVICE

DANAPITH FIRE STATION, (H. Q.)AHMEDABAD - 380 001

PH. : (079) 22148466 / 67 / 68, 32981178, 32981500 FAX : (079)

No. - OPN178207122019 Dt.:07/12/2019

To,

COM. + RESI,

18,AASTHA PALACE, OPP.- VRUNDAVAN PARTY PLOT, NEAR BHAGWAT VIDHYAPITH. SOLA

18,AASTHA PALACE, OPP.- VRUNDAVAN PARTY PLOT, NEAR BHAGWAT VIDHYAPITH. SOLA

Sub: Fire safety & protection, opinion for a proposed high-rise building / Low-Rise Building – Low Rise Building

Sir,

This is to intimate that , the plans submitted for,Low Rise Building , have all the required line drawings and write-up are as per the requirement of fire prevention and protection.

All norms as per the GDCR (2021) & CBD by AUDA have to be followed as far as the construction and Fire Prevention and Protection system, are to be followed.

Moreover, it is required that all the staircases of the building shall be ventilated above the parapet wall at each floor level and shall be 2 meters , clear in width.

The staircase and lift shafts shall not go to the basement but if they go they have to be protected by 2 hours fire resistant construction including the doors.

A motorable road with 45 ton load bearing capacity and minimum as metion in table; is required around the building without obstruction to a clear motorable passage for fire/rescue vehicles.

Any transformer to be installed shall be away from the 8 meters open space required around the building.

The gate (entry) to the premises shall be minimum 6 meters or more if required, in width, entry gate to be provided on both sides.

The Fire Protection system shall be as mentioned in the approved plans.

1. **All basements parking and HPP shall be fully sprinklered.**
2. **All lower basements should have positive pressure ventilation.**
3. **Electric Cable Shaft should have fire resistant doors.**

In this Filed we can write what system they required in building – So whatever here we write that can be mention in final opinion letters

Builder name	COM. + RESI
Address	18,AASTHA PALACE, OPP.- VRUNDAVAN PARTY PLOT, NEAR BHAGWAT VIDHYAPITH. SOLA
T.P.No.	33 GOTA
F.P.No.	36/1
R.S.No.	213/2
Sub Plot No.	00
Surrounding Margin from building	
Common Plot Margin from building	

Building Types	Low Rise Building					
	A		B		C	
Fire Opinion Remarks	BASEMENT PARKING, HPP & SHOPS AT ALL LEVEL SHALL BE FULLY SPRINKLERED. 1.5 METERS STAIRCASE WIDTH FOR UPTO 25 METERS BUILDING.		BASEMENT PARKING, HPP & SHOPS AT ALL LEVEL SHALL BE FULLY SPRINKLERED. 1.5 METERS STAIRCASE WIDTH FOR UPTO 25 METERS BUILDING.		BASEMENT PARKING & HPP SHALL BE FULLY SPRINKLERED. 1.5 METERS STAIRCASE WIDTH FOR UPTO 25 METERS BUILDING.	
Block Height From Ground Level to Top Slab(In Meter)	25		25		25	
	Use	Height(In Meter)	Use	Height(In Meter)	Use	Height(In Meter)
Basement 1	PARKING	4.2500	PARKING	4.2500	PARKING	3.8000
Hollow Plinth/Ground Floor	PARKING+COMM	3.5000	PARKING+COMM	3.5000	PARKING	3.3500
Floor 1	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 2	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 3	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 4	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 5	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 6	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500
Floor 7	RESI.	3.0500	RESI.	3.0500	RESI.	3.0500

Margin for different types of building

1) 8 to 25 Meters building - 3 Meters

Plot area more than 750 sq. mt. : 4 Meters

2) Up to 45 Meters building : 6 Meters

3) Up to 70 Meters building : 8 Meters

Ramp only permitted for 18 to 25 meters building in margin.

Industrial Building - Information about all processes, raw material and finished material shall be mentioned in plan.

Basic Fire Requirement Notes on plan

The copies of plans are returned herewith duly signed and have to be submitted during final inspection of the fire fighting system.

After, the building is built and all the required Fire safety and Protection equipment have been installed and after due due inspection by the Fire service officer an NOC can be issued.

AHMEDABAD MUNICIPAL CORPORATION FIRE & EMERGENCY SERVICES

(M.F.Dastoor)
Chief Fire Officer

AHMEDABAD MUNICIPAL CORPORATION

FIRE & EMERGENCY SERVICE

DANAPITH FIRE STATION, (H. Q.)AHMEDABAD - 380 001
PH. : (079) 22148466 / 67 / 68, 32981178, 32981500 FAX : (079) 22148598.

(No.170 Dt.: 01/08/2018)

To,
Sh. Dilip R. Patel
9, Tulsi Society,
CTM, Ahmedabad.

Sub: Fire safety & protection, opinion for a proposed high-rise Building (25 meters).

Sir,

This is to intimate that , the plans submitted for high-rise Commercial cum Residential Building with Block: A/B, C/D – basement parking + ground floor shops & HPP + 1st to 7th floors residence. At F.P.no.36/1, R.S.no.213/2, T.P.no.33 (Gota), Ahmedabad have all the required line drawings and write-up required for the opinion, are as per the requirement of fire prevention and protection.

All norms as per the Fire Prevention and Life Safety Measures Act-2013, Gujarat state, have to be followed for providing Fire Prevention and Protection system, are to be followed.

Moreover, it is required that all the staircases of the building shall be ventilated above the parapet wall at each floor level and shall be 1.5 meters clear in width.

A motorable road with 40 ton load bearing capacity and minimum 4 meters wide, is required around the building without obstruction to a clear motorable passage for fire/rescue vehicles. (except two side ramp)

The gate (entry) to the premises shall be minimum 6 meters or more if required, in width, entry gate to be provided on both sides.

The building should have fire Protection system as per approved plans.

- **Basement parking, HPP and shops shall be fully sprinklered.**

After, the building is built and all the required Fire safety and Protection equipment have been installed and after due inspection by the Fire service officer an NOC can be issued.

The copies of plans are returned herewith duly signed and have to be submitted during final inspection of the fire fighting system.

2/8/18
(M.F.Dastoor)
Chief Fire Officer

AHMEDABAD MUNICIPAL CORPORATION FIRE & EMERGENCY SERVICES

HARSHAD K. PRAJAPATI
ARCHITECH
401 TO T404, RAJKAMAL PLAZA-A,
OPP. SAKAR-III, NR. INCOME TAX,
ASHRAM ROAD, AHMEDABAD
LIC NO. AR0042021021[illegible] DT-28/11/2016

C/135

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

(1) Kanubhai Babaldas Patel And Others

203-205. Elite Buisiness hub. Off S.G Highway Behind Audi Show Room, Nr Prajapati Bhavan, Sola Ahmedabad.

Date: 30-08-2018

Valid Upto: 29-08-2026

No Objection Certificate for Height Clearance

1. This NOC is issued by Airports Authority of India (AAI) in pursuance of responsibility conferred by and as per the provisions of Govt. of India (Ministry of Civil Aviation) order GSR751 (E) dated 30th Sep. 2015 for Safe and Regular Aircraft Operations.

2. This office has no objection to the construction of the proposed structure as per the following details:

NOC ID :	**AHME/WEST/B/082718/329241**
Applicant Name*	**Jagdish B Patel**
Site Address*	**T. P. S. No. 33 (Gota), F. P. No. 36/1, Survey No. 213/2, At Gota Taluka Ghatlodiya District Ahmedabad,At Gota Taluka Ghatlodiya District Ahmedabad,Ahmedabad,Gujarat**
Site Coordinates*	**72 32 59.03-23 05 53.13, 72 32 59.70-23 05 55.06, 72 33 00.58-23 05 52.61, 72 33 01.30-23 05 54.54**
Site Elevation in mtrs AMSL as submitted by Applicant*	**57.458 M**
Permissible Top Elevation in mtrs Above Mean Sea Level(AMSL)	**158.79 M (Restricted)**

*As provided by applicant

3. This NOC is subject to the terms and conditions as given below:

a. Permissible Top elevation has been issued on the basis of Site coordinates and Site Elevation submitted by Applicant. AAI neither owns the responsibility nor authenticates the correctness of the site coordinates & site elevation provided by the applicant. If at any stage it is established that actual data is different, this NOC will stand null and void and action will be taken as per law. The office in-charge of the concerned aerodrome may initiate action under the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules, 1994"

b. The Site coordinates as provided by the applicant in the NOC application has been plotted on the street view map and satellite map as shown in ANNEXURE. Applicant/Owner to ensure that the plotted coordinates corresponds to his/her site.In case of any discrepancy,Designated Officer shall be requested for cancellation of the NOC.

c. Airport operator or his designated representative may visit the site (with prior coordination with applicant or owner) to ensure that NOC terms & conditions are complied with.

d. The Structure height (including any superstructure) shall be calculated by subtracting the Site elevation in AMSL from the Permissible Top Elevation in AMSL i.e. Maximum Structure Height = Permissible Top Elevation minus (-) Site Elevation.

e. The issue of the 'NOC' is further subject to the provisions of Section 9-A of the Indian Aircraft Act, 1934 and any notifications issued there under from time to time including the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules,1994.

f. No radio/TV Antenna, lighting arresters, staircase, Mumtee, Overhead water tank and attachments of fixtures of any kind shall project above the Permissible Top Elevation of 158.79 M (Restricted) (AMSL), as indicated in para 2.

g. Use of oil, electric or any other fuel which does not create smoke hazard for flight operations is obligatory, within 8 KM of the Aerodrome Reference Point.

h. The certificate is valid for a period of 8 years from the date of its issue.One time revalidation without assessment may be allowed, provided construction work has commenced,subject to the condition that such request shall be made within the validity period of the NOC and the delay is due to circumstances which are beyond the control of the developer.

i. No light or a combination of lights which by reason of its intensity, configuration or colour may cause confusion with the aeronautical ground lights of the Airport shall be installed at the site at any time, during or after the construction of the building. No activity shall be allowed which may affect the safe operations of flights

j. The applicant will not complain/claim compensation against aircraft noise, vibrations, damages etc. caused by aircraft operations at or in the vicinity of the airport.

k. Day markings & night lighting with secondary power supply shall be provided as per the guidelines specified in chapter 6 and appendix 6 of Civil Aviation Requirement Series B Part I Section 4, available on DGCA India website: www.dgca.nic.in

l. The applicant is responsible to obtain all other statutory clearances from the concerned authorities including the approval of building plans. This NOC for height clearances is to ensure the safe and regular aircraft operations and shall not be used as document for any other purpose/claim whatsoever, including ownership of land etc.

m. This NOC has been issued w.r.t. the Civil Airports. Applicant needs to seek separate NOC from Defence, if the site lies within their jurisdiction. Applicants also need to seek clearance from state Govt. as applicable, for sites which lies in the jurisdiction of unlicensed aerodrome as outlined in Rule 13 of GSR751 (E)

n. In case of any discrepancy/interpretation of NOC letter, English version shall be valid.

o. In case of any dispute w.r.t site elevation and/or AGL height, top elevation in AMSL shall prevail.

Digitally signed by NAYAK TAPAN K
Reason: Asst. General Manager (ATM-NOC) For DO NOCC
Location: AAI, SVPI Airport Ahmedabad-03
Date: 2018-08-30 17:22+05:30

Chairman NOC Committee

Region Name: WEST

Address: Jt. General Manager Airports Authority of India, SVP International Airport Ahmedabad-3800003(Gujrat)

Email ID: nocahm@aai.aero

Contact No: 079-22863396

Name / Designation / Sign with Date	
Prepared By :	सहायक महाप्रबंधक (एटीएम-एनओसी) Assistant General Manager (ATM-NOC) सदस्य सचिव (एन ओ सी सी)
Verified By :	Member Secretary (NOCC) भा.वि.प्रा., स.व.प.अ. हवाईअड्डा, अहमदाबाद AAI, S.V.P.I. Airport, Ahmedabad-3